જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૧/૨૦૧૮ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૬/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૧૫ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૩૮ લીટર અને ૩૫ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧૦ વ્યક્તિઓની અટક કરી રોકડ રૂપિયા ૩૬,૧૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૭/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૪૮/૧૮

**નારણપુરાઃ** સુસનબહેન વા/ઓ બીજુભાઈ વર્ગીસ (રહે.ગ્રીન સીટી અર્જુન આશ્રમ રોડ નિર્ણયનગર) એ તા.૨૧/૧/૧૮ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨૪/૭/૧૭ રાતના ૮/૦૦ થી તા.૨૫/૭/૧૭ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન નારણપુરા શસ્ત્રીનગર નિધિ એપાર્ટમેન્ટ ખાતે આવેલ પોતાના મકાનની જાળીનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની બંગડીઓ નંગ-૧૬, સોનાનો પાટલો નંગ-૧ કિમત રૂપિયા ૮,૨૫,૦૦૦/- ,સોનાનાં નેકલેસ નંગ-૩ કિમત રૂપિયા ૨,૧૦,૦૦૦/-, કિમત રૂપિયા ૬,૦૦૦/- સોનાની વીંટી નંગ-૧ કિમત રૂપિયા ૧૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૩,૭૫,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે આર પટેલ ચલાવે છે.

**ગોમતીપુરઃ** ભરતભાઈ રમેશભાઈ જાતે પટણી (રહે. શહેરી ગરીબ આવાસ યોજનાના મકાનમા વિવેકાનંદ મીલ રામીની ચાલીની સામે રખીયાલ ગોમતીપુર) એ તા.૨૧/૧/૧૮ નારોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૯/૧/૧૮ રાતના ૧૧/૦૦ થી તા.૨૦/૧/૧૮ સવારના ૫/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બારીનો સળીયો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી મોબાઈલ ફોન-૨ કિમત રૂપિયા ૧૮,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ યાદવ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૯/૧૮**

**વટવાઃ** અનિતાબહેન વા/ઓ ગજેન્દ્રસિંહ રાજપુત (ઉ.વ.૩૮) (રહે. સોનુ પાર્ક નિગમ સોસાયટી પાસે ઘોડાસર વટવા) તા.૨૧/૧/૧૮ કલાક ૭/૧૫ વાગ્યાના સુમારે નિગમ બસ સ્ટેન્ડ પાસે સ્મૃતિ મંદિર તરફ જવાના રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ અનિતાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૦,૦૦૦/- મત્તાની ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અનિતાબહેન રાજપુત એ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વાય.ચૌહાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૦/૧૮**

**નિકોલઃ** હિતેષભાઇ ચંદુલાલ પંચાલ (ઉ.વ.૨૮) (રહે.આનંદ પોલારીસ મનમોહન ચાર રસ્તા અબજીબાપાની સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૧/૧૮ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે રીંગરોડ સુપ્રિયા રોડ હોટલની સામે ઝેરી દવા પી લીધી હતી સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા૨૧/૧/૧૮ રાતના ૧૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રવિણભાઇ સાંજાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.